# લગ્ન લખાવાની વિધિ

**સામગ્રી :**

૧ કાચી સોપારી નાની, ૧ હળદર, ૧ લગ્નનો કાગળ, નાળાછડી, ૫ કાચી સોપારી, ૫ ખારેક, કંકાવટી - કંકુ - ચોખા, ૧ થાળી, ૧ રૂમાલ

**રીત :**

બે વરપક્ષના અને બે કન્યા પક્ષના વડીલો માંડવા નીચે સાથે મળીને લગ્ન લખે. મહારાજ કુંડલી લખશે તેના ઉપર હળદરનો ગાંઠીયો, સોપારી અને પૈસા રાખીને નાળાછડીથી બાંધશે. કંકુનો સાથિયો કરી. ચાંદલો કરી ચોખા મૂકવા. ૧ થાળીમાં ૫ ખારેક અને ૫ સોપારી મુકવી અને લગ્નનો પડીકો મૂકવો. આ લગનીચું લઈ કન્યા પક્ષવાળાની નાની કુંવારી બાળા કાંસાની થાળી-ડંકો વગાડતા વરરાજાના ઘરે જાય. જ્યાં વર પક્ષવાળા લગનિયું પોંખી લઈ લે અને તે પડલામાં મૂકી દે. હસ્ત મેળાપ વખતે આ લગનિયું હાથમાં રખાય.



# માંડવા મુહૂર્ત વિધિ

**સામગ્રી :**

૨ કૂંડા, ૧ બાજોઠ, ૧ મોટો રૂમાલ, મગ, ૨ નાળિયેર, ૨ હાર, ૧૦ નાગરવેલના પાન, છૂટા ફૂલ, લગ્નનો કાગળિયો, ૧ કાચી નાની સોપારી, બે ફાંટાવાળો ૧ હળદરનો ગાંઠીયો, ૧ સાથિયો, ૧ વાંક, ૧ વીંટી, પીઠી, ઝૂડો, કંકાવટી - કંકુ, ચોખા, ૮ શ્રીફળ, ચૂંદડી, તેલ, કાંસેકા, ૧ શાલ.

**રીત :**

ખાસ ધ્યાન રાખવું કે લગ્નના જ દિવસે પહેલા વર/કન્યા વારાફરતી વાડીની અંદર ચોરીમાં (માંડવામાં) માંડવા મુહૂર્તની વિધિ કરવી.

લગ્નના શુભ દિવસે સવારે મુહૂર્ત પ્રમાણે વર/કન્યાને (પૂર્વ દિશામાં મોઢું રાખી) પાટે બેસાડવા બાજોઠ નીચે રૂમાલ પાથરી મગનો સાથિયો કરવો. બાજોઠ ઉપર વર/કન્યા ને બેસાડવું. બાજોઠ સામે કુંડો રાખી તેમાં માટી રાખવી. પંથવરી (પિતા, કાકા, મામા અને ફૂઆ) ચારે જણાએ માણેકસ્તંભ રોપવો. ઉપર ફૂલની માળા અને ફૂલ રાખવા. ચારે વડીલોને નાળાછડી જમણા હાથે બાંધવી અને એક ચુંદડી ચારે જણના ખભા પરથી લઈને ઓઢાડવી અને સાથે ગોર મહારાજ તેમની વિધિ કરે.

એક થાળીમાં અબીલ-ગુલાલ-કંકુ-ચોખા-દૂધ અને દહીં (પંચામૃત) રાખવા. ત્યારબાદ પંથવરી (માતા, કાકી, મામી અને ફઈ) ચાર સોહાગણના જમણા હાથે નાળાછડી બાંધી, ચાંદલો કરી, ચુંદડી ઓઢીને માંડવાને વધાવે. વર-કન્યાને તિલક કરી, પીઠી કરવી. ફઈ આવી વર/કન્યાના માથે જડ વાસે (ઝુડો રાખે) રાખવો. પછી તેલ લગાવીને કાસકાંથી વર/કન્યાનું માથું ઓળવું. માંડવમાં બેઠેલાને શ્રીફળ આપવા. પછી મામા આવીને નાળિયેર અને કવર આપી પાટેથી વર/કન્યાને ઉઠાડે અને વર/કન્યાની આગળ સાલ આડી રાખીને તેમને લઈ જાય.



# પડલો – વર પક્ષ

**સામગ્રી :**

૨ શણગારેલા થાળ, ૫ જોડી કપડા, લીલી ચુંદડી, ૧ વરમાળા, વાણી (ચંપલ), અત્તર, અરીસો, વાંક-વીંટી, સાથિયો, બંગડી, ચાંદલા, આભૂષણ (દાગીના) નાળાછડી, મીંઢળ, મોરાસીંગ, છેડાછેડીનો સફેદ ફાળિયો (ખેસ) અને લીલી ચુંદળી, એલચી, તજ, લવીંગ, સોપારી, ખારેક, હળદરનો ગાઠીયો, અબીલ-ગુલાલ.

**રીત :**

સવારે સારા મુહૂર્તે વાજતે ગાજતે વર પક્ષવાળા પડલો લઈને કન્યા પક્ષવાળાને ઘેર જાય છે. વરઘોડા સાથે જ પડલો લઈ જવામાં આવે છે.

# જાન પ્રસ્થાન



વરરાજા ઘરના વડીલોને પગે લાગે અને ઘોડીએ ચઢે છે. ત્યારે તેની સાથે એક કુંવારી કન્યા (લુણગોરી) હાથમાં ટબુડી (નાની લોટીની અંદર મગના થોડા દાણા મૂકીને તેને લીલા કપડાથી ઢાંકીને નાડાછડીથી બાંધવું) લઈ લોણ ઉતારે છે. વરરાજાને તિલક કરી હાર પહેરાવી માંડવાનું શ્રીફળ લઈને બગીમાં બેસાડે છે. ત્યારે બહેનો ઘોડાવાઘ પકડે છે અને લાગો મળે પછી પરણવા જવાની રજા આપે છે. સાજન-માજન સાથે જાનનું પ્રસ્થાન થાય છે. મંગળ ગીતો ગવાય છે.

# સામૈયું –કન્યા પક્ષ

**સામગ્રી :**

૧ કળશ ૧ શ્રીફળ, ૧ ઈંઢોણી, થોડુંક શુદ્ધ પાણી, ૫ નાગરવેલના અખંડ પાન.

**વિધિ :**

વાજતે - ગાજતે સાજન-માજન સાથે વરરાજાની પધરામણી થાય છે. ત્યારે જાનને વધાવવા કન્યા પક્ષની બહેન સામૈયું લઈને આવે છે. વરરાજાની ભાભી સામૈયાને ચાંદલો કરી વધાવે છે અને યથાશક્તિ ભેટ આપે છે. હવે પ્રથમ કન્યાની માતા ચાંદલો કરી પડલાને ચોખાથી વધાવે છે. પછી પડલો લઈને વેવાઈવેવાણનું સ્વાગત કરે છે.

# પોખવાની વિધિ

કન્યા વરરાજાને વરમાળા પહેરાવવા પધારે છે. પ્રથમ કન્યા - વરને અને પછી વર-કન્યાને વરમાળા પહેરાવે છે. હવે સાસુ જમાઈને પોંખવા આવે છે. પોંખ્યા બાદ વરરાજા (જમણા પગથી) સરપટીયા ફોડીને સીધા મંડપમાં પધારે છે. ત્યારબાદ પડલામાં આવેલી ચુંદડી ઓઢીને કન્યા લગ્ન મંડપમાં પધારે છે.

# હસ્તમેળાપ તથા લગ્નની વિધિ



વર-કન્યાના હસ્તમેળાપ થાય છે પછી ચોરીના ચાર ફેરા ફરે છે. જેમાં ચાર ભાઈઓ જવ-તલ આપે છે. ત્યારબાદ કન્યાની માતા કંસાર જમાડે છે. પછી વરરાજા સાસુનો છેડો પકડે અને સાસુજી લાગો આપે પછી છેડો છોડે છે. ત્યારબાદ વર કન્યાને મંગળસૂત્ર પહેરાવે છે અને સેંથામાં સિંદુર પૂરે છે.



લગ્ન થયા બાદ ર કન્યા પક્ષની અને ર વર પક્ષની બહેનો કન્યાને સૌભાગ્ય દેવા પધારે છે અને કન્યાના કાનમાં સુઃવચન કહે છે. ચોરીની વિધિ બાદ વર-કન્યા આર્શીવાદ લેવા પ્રથમ કન્યાના રૂમમાં આવે છે અને ત્યાં મા-માટલાને પગે લાગે છે. પછી વરના રૂમમાં પગે લાગે છે.



# મા માટલા

**સામગ્રી :**

૧ માટીનું માટલું, સવા કિલો ઘઉં, મિઠાઈ અને નાળિયેરની જોડ, સવા પાંચ રૂપીયા, ૧ કોળીયું (તેમાં ઘી અને વાટ), માચીસ.

**રીત :**

સૌ પ્રથમ વરના કક્ષમાં વરઘોડીયાને બાજોઠ પર બેસાડી તેની સમક્ષ માટીના માટલામાં ઘઉં રાખી તેની અંદર દીવો પ્રગટાવો, માટલાની બાજુમાં ર વરપક્ષના શ્રીફળ અને ર કન્યા પક્ષના શ્રીફળ તેમજ મીઠાઈ રાખવી. ત્યારબાદ તેને પગે લાગવું.

તેવી જ રીતે પછી કન્યાપક્ષના કક્ષમાં જઈને ઉપરોક્ત વિધિ કરવી.



# વિદાય



કન્યા પક્ષવાળા વર પક્ષના સગા સંબંધીઓને પહેરામણી કરે છે અને છેવટે કન્યા પક્ષ વર પક્ષને લામણ દિવો આપીને શીખ આપે છે. અને કન્યાને વિદાય આપે છે. જતી વખતે ૧ શ્રીફળ ગાડીના ટાયરની નીચે મૂકી ગાડી સ્ટાર્ટકરી તેને વધેરે છે.

શ્વસુર ગૃહે વરની માતા વર-વધુની જોડીને પોંખીને વધાવે છે. અને ગૃહ લક્ષ્મીનો ગૃહ પ્રવેશ થાય છે.

સમસ્ત્ શ્રી કચ્છી જૈન ગુર્જર સમાજમાં સગપણ તેમજ લગ્ન પ્રસંગે સામાન્ય રીતે જે વિધિઓ થાય છે અને જે વ્યવહારો અને રિવાજો હાલ અસ્તીત્વમાં છે તે મુજબ છે.



